

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2 Issue 5, AUGUST 2018 Ahmedabad, (Gujarat)

Page : 32, Rs. 100 Annual



## દામજી ગોપાળજી જોષી

પોરબંદર નિવાસી દામજીભાઇ જોષી પં. વિશ્વમિત્ર કૌશિકના સંપર્કથી આર્યસમાજના રંગે રંગાયા. તેઓની મુલાકાત સ્વામી શંકરાનંદજી સાથે થતા વૈદિક ધર્મના સંસ્કાર દૃઢ થયા. સન્ ૧૯૨૬માં સેવા નિવૃત્ત થયા બાદ આર્યસમાજ પોરબંદરના સક્રીય કાર્યકર બન્યા. સંમેલનો વગેરેના આર્યસમાજમાં સમર્પણભાવથી સેવા આપતા.

# "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધઃ (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

| | |
|---|---|
| બેંક ખાતાનું નામ | : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા |
| બેંકનું નામ | : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા |
| ખાતા નંબર | : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫ |
| IFSC | : UBIN0531332 |

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૯
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૭)
અંક : ૫, ઓગષ્ટ - ૨૦૧૮
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલનં.: ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઈલનં. ૯૮૭૯૩૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલનં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email: gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

तस्यार्थे सर्वभूतानां गोप्तारं धर्ममात्मजम्।
ब्रह्मतेजोमयं दण्डमसृजत्पूर्वमीश्वरः॥

તે રાજા માટે સૃષ્ટિની શરૂઆતમાં જ ઈશ્વરે સર્વ પ્રાણીઓની સુરક્ષા કરનાર બ્રહ્મતેજોમય અર્થાત્ શિક્ષાપ્રદ અને અપરાધનાશક ગુણવાળા ધર્મસ્વરૂપાત્મક દંડ = સજાને રચી અર્થાત્ દંડ આપવાની વ્યવસ્થાનું વિધાન કર્યું.

– મનુસ્મૃતિ ૧૪(૯)

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| મ. દ. રચિત ગ્રન્થ પરિચય | ૬ |
| વૈદિક ધર્મ પરિચય | ૭ |
| અરબમાં વૈદિક ધર્મ | ૯ |
| પિતૃ નડતર એક અજ્ઞાત ભય | ૧૩ |
| અંધવિશ્વાસ નિવારણ | ૧૪ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૫ |
| બાળ વિભાગ | ૧૮ |
| શ્રાવણ પર્વ | ૨૨ |
| વૈદિક સાહિત્ય પરીચય | ૨૩ |
| **ગુજરાતનું ગતિશીલ આર્ય જગત** | |
| વેદ પ્રચાર અભિયાન ચલાવીએ | ૨૫ |
| આર્યસમાજ બાવળા | ૨૬ |
| પુસ્તક પ્રકાશન યોજના | ૨૮ |
| આગામી વકતૃત્વ સ્પર્ધા | ૨૯ |
| આંતરાષ્ટ્રિય મહા સંમેલન | ૩૦ |
| નવા પુસ્તક પ્રકાશન | ૩૧ |

આધ્યાત્મિક ચિંતન

# આવું મારા માટે પણ શક્ય છે.

– આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ એ આપણને ઘણું આપ્યુ છે. માનવ શરીર, ઈન્દ્રિયો, બુદ્ધિ, ધન-સંપતિ, સુખ-સાધન વગેરે મળવામાં આપણા પુણ્ય કર્મોનો અધાર મુખ્ય હોવા છતા પણ પ્રભુના સહયોગ વગર આ આપણને ન મળતા. સૃષ્ટિની રચના, તેની વ્યવસ્થા પ્રભુએ બનાવેલ છે, આ આપણા સૌ પ્રાણીઓની ઉપર પ્રભુની મહાન કૃપા છે. પ્રભુ ન્યાયકારી છે, તે આપણા પાપ કર્મોને આધારે આપણને સુધારવા માટે યથા-યોગ્ય દંડ પણ આપે છે. આ પણ આપણા સહુ ઉપર પ્રભુની મહાન કૃપા છે. પ્રભુએ આપણને માનવશરીરમાં નવા કર્મ કરવાની સ્વતંત્રતા આપેલ છે, નવા કર્મ કરવા માટે શરીર, બુદ્ધિ વગેરે સાધનો આપ્યા છે, આ તેની શ્રેષ્ઠ કૃપા છે .

પ્રભુની કુપાથી આપણુ જીવન સારી રીતે ચાલી રહયુ છે. આપણે શુભ કર્મ કરીન રહયા છીએ , અશુભ કર્મોથી બચી રહયા છીએ, સ્વાધ્યાય-તપસ્યા- ધ્યાન - સાધનાથી આપણે આપણા અંતઃ કરણને ધીમે ધીમે પવિત્ર બનાવી રહયા છીએ શરીર સ્વસ્થ ઉણપ નથી રોટી- કપડા-મકાન ઉપલબ્ધ છે. એટલા સાધનતો છે કે આપણે ધારીએ તો આધ્યાત્મિક ઉન્નતિ કરીને જઇ શકીએ છીએ આપણને વિશ્વાસ છે કે આપણા ઉપર પ્રભુકૃપા થતી રહેશે, આ સાધન સુવિધાઓ આગળ પણ આપણને મળતા રેહશે. આ સાધન સુવિધાઓ હોવાથી થોડી થોડી આધ્યાત્મિક સાધના પણ ચાલી રહી છે.હજુ લાંબુ જીવન બાકી છે, ધીમે ધીમે કરીને આગળ વધારે આધ્યાત્મિક સાધના કરતી જઇશ,આ રીતેજીવનના અંત સુધી સુંદર આધ્યાત્મિક ઉન્નતિ કરી લઇશ. બસ આવા વિચારોમાં સુખદ અનુભુતિ સાથે જીવન ચાલી રહયુ છે , વીત તુ જાય છે પ્રભુની કૃપાથી ઉતમ સાધનો મેળવવા વાળા તો ઘણા હોય છે પરંતુ સાથે શુદ્ધ આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાવાળા મનુષ્ય વધારે નથી દેખાતા પ્રભુ કૃપા અને શુભ કર્મો સિવાય મનુષ્ય અન્યાય - શોષણ વગેરે અશુભ -કર્મો દ્વારા વગર મહેનત પણ ભૌતિક સુખ- સાધનો એકત્ર કરી શકે છે, ભલે ને પછીતેનો દંડ ભોગવવો પડે . પરંતુ શુદ્ધ આધ્યાત્મિક જ્ઞાનને કોઇ અન્યાય પૂર્વક વગર મહેનત વગર બુદ્ધિમાં સિથર કરી શકતો નથી . આપણને શુદ્ધ આધ્યાત્મિક- જ્ઞાન પ્રાપ્ત થયુ છે આ આપણુ બહુજ મોટુ સૌભાગ્ય છે, આ આપણા માટે સંતોષની વાત છે

સંસારમાં સૌને આવી સારી સ્થિતિ નથી મળતી . કોઇની પાસે શરીર- ઇન્દ્રિયો સારી છે , તો બુદ્ધિ ઠીક છે તો શરીર ઠીક નથી, અનુસંધાન પાના નં. ૧૭ પર




# વિશ્વપ્રેમ

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર ○ અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

दत्ते द ह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भुतानि
समीक्षन्ताम मित्रस्याऽहं चक्षुषा सर्वाणि भुतानि
समीक्षे मित्रस्य चक्षुषा समीक्षामहे

**ગતાંકથી ચાલુ...**

આ દ્વેષભાવને દૂર કરવાનું સામર્થ્ય પણ આ વેદની આજ્ઞાના પાલનમાં રહેલું છે અને એની મહાન જવાબદારી વૈદિકધર્મીઓ ઉપર છે. આપણો દેશપ્રેમ જગતપ્રેમની વિરુદ્ધ ન હોય એ જ આપણે ધ્યાનમા રાખવાનુ છે .અને માટે આપણે વધારે બલિદાન બરવાની જરૂર પડશે.પરંતુ એનાથી સંસારને પરમ લાભ થશે. આર્યસમાજનું એ કર્તવ્ય છે કે તેની સ્વદેશભક્તિમાં બીજા દેશ પ્રત્યે દ્વેષભાવ પ્રવેશી ન જાય. અંગ્રેજ, ફ્રેંચ કે જાપાની પણ આપણા ભાઇઓ છે. તે મનુષ્યજાતિના હોવાને લીધે આપણા ભાઇઓ છે. જગતરૂપી માતાના પુત્ર હોવાથી તે આપણાં ભાઇઓ છે. તો આપણે વૈદિક ધર્મને સાર્વભૌમ કહી શકીશું અને થોડા મહત્ત્વ સાથે આ પ્રાર્થના કરી શકીશું કે મિત્રસ્ય ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષે.

પરંતુ મનુષ્ય માત્ર સુધી પહોંચીને પણ પ્રેમ વિસ્તારનો અંત આવી જતો નથી. વેદે તો કહ્યું છે - ભૂતાનિ અર્થાત્ બધા પ્રાણીઓ, કેવળ મનુષ્યો નહિ. આણો પ્રેમ પ્રાણીમાત્ર પ્રત્યે હોવો જોઇએ. પશુ-પક્ષી વગેરે જીવને પણ પોતાનો જેવો સમજવો જોઇએ. એટલે સુધી અનુભવ કરવો કે વૈદિક ધર્મની જ આ વિશેષતા છે કહે છે કે યુરોપના એક મનુષ્યે બંગાળના મોટા દુષ્કાળ વખતે નવાઇ પામીને કહ્યું હતું - આ લોકો ભૂખ્યા મરી જાય છે પરંતુ પશુ-પક્ષીઓને મારીને, ખાઇને પોતાનો જીવ બચાવવા પ્રયત્ન કરતા નથી. આ મનુષ્યના હૃદયની અંદર પેસી ગયેલા વૈદિકધર્મના અવશેષની - સંસ્કારની નિશાની હતી. જ્યાં પશુઓને મારવા તે હંમેશનું કાર્ય છે, ત્યાંના લોકોને નવાઇ લાગે એ સ્વાભાવિક છે. પરંતુ વેદમાં તો બધી જગ્યાએ બે પગા અને ચાર પગાના ભલા માટે સંયુક્ત પ્રાર્થનાઓ હોય છે. બિચારા પશુ-પક્ષીઓ આપણી સાથે લડીને કંઇ પણ મેળવી શકતા નથી. ઘણાં તો આપણી દયા ઉપર જીવે છે. તેથી એમને આપણે કંઇક (ખાવાપીવા) આપવું જોઇએ. વેદ આપણને આ જ શીખવે છે. ગૌ રક્ષા એ ધર્મ છે અનું રહસ્ય છે. ત્યાં ગાય એ બધા દીન પ્રાણીઓની પ્રતિનિધિ છે. કહે છે કે સ્વામી દયાનંદને એક સમયે એક માણસે જોયા તે સમયે એમની કલમ ઉપર એક માખી બેસી ગઇ, તો તેમણે લખવાનું બંધ કર્યુ. જ્યાં સુધી તે માખી પોતે ઊડી ન ગઇ. સ્વામી રામતીર્થ સાપને પણ ભાઇ કહીને પોકારતા હતા. અમેરિકન એમર્સન મધમાખીના પૂડા = મધપૂડા પાસે રહેતા હતા. મતલબ એ છે કે

પ્રાણીમાત્રની અંદર મિત્ર દૃષ્ટિ હોવી જોઇએ. પોતાના પ્રેમથી જગતને ભરી દેવું જોઇએ. પ્રાણી જ કેમ, કોઇ વસ્તુ (ભૂત) એવી ન હોવી જોઇએ જ્યાં આપણે પ્રેમથી જોઇ ન શકીએ, ભૂતનો ખરો અર્થ તો ઉત્પન્ન થયેલી એકએક વસ્તુ છે. મહાત્માઓ સંસારના એક એક બનાવમાં પણ, દુ:ખ સાથે પણ પ્રેમ કરે છે. તેમને દરેક વસ્તુંમા, દરેક વાતમાં પરમાત્મા જ દેખાય છે અને તે સદા પ્રેમ જ કરે છે. સ્વાર્થને, કામનાને સર્વથા ત્યાગવાથી આ સ્થિતિ પ્રાપ્ત થાય છે. જ્યારે બધા સ્વાર્થોની બાધાઓ દૂર કરીને પ્રેમનો સૂર્ય જગતમાં વ્યાપી જાય છે, તે અવસ્થાનું જ વર્ણન વેદમાં કર્યું છે. -

તત્ર કો મોહઃ કઃ શોક એકત્વમનું પશ્યતઃ।

આશા છે કે આપણે પણ સ્વાર્થને નષ્ટ કરીને જ્યાં સુધી પહોંચી ગયા છીએ તેના પછી પ્રેમને વિકસિત કરવાનો પ્રયત્ન કરીશું. આ શિખામણ કદી ભૂલશું નહિ. કે -

મિત્રસ્ય ચક્ષુષા સમીષામહે।

## આવો, પરિચય કરીએ મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**ગ્રન્થ : પૌરાણિક કથા : ગૌતમ-અહલ્યા અને ઈન્દ્ર-વૃત્રાસુરની સત્ય કથા।**

પ્રકાશન : ઋષિવેદાદિભાષ્ય ભૂમિકાના ગ્રંથ પ્રમાણ્યાપ્રામાણ પ્રકરણમાં તથા માગશર સુદ ૧૫ સંવત્ ૧૯૩૩ના વેંદભાષ્ય અંગેના છપાવવામાં આવેલ વિજ્ઞાપન.

પરિચય : આ કથા બ્રાહ્મણ ગ્રંથોમાં આવેલ છે. જે અલંકારિક રૂપમાં છે. મહર્ષિ દયાનંદે વર્ણન કર્યુ છે કે બ્રાહ્મણ ગ્રંથોમાં ગૌતમ ચંદ્રને કહેવામાં આવેલ છે. અહલ્યા રાત્રિને કહેવામાં આવેલ છે. તેમજ ઈન્દ્ર સૂર્યને અને વ્રત્ર મેઘ (વાદળાં) કહે છે. આ અલંકારને ન સમજવાથી તેને પુરાણોમાં વિકૃતરૂપ આપવામાં આવ્યું. જેમાં અશ્લીલતા ભરી છે. પરંતુ મહર્ષિ દયાનંદે વ્યાકરણના નિયમોના આધારે તેમાં છૂપાયેલ અલંકાર સ્પષ્ટ કરી વાસ્તવિક વર્ણન રજૂ કર્યુ.

# वेदोऽखिलो धर्ममूलम्

# વૈદિક ધર્મ
## એક ટૂંકો પરિચય

- આચાર્ય જ્ઞાનેશ્વર આર્ય

વૈદિક ધર્મ આપણો પ્રાચીનતમ ધર્મ છે. તેનો આધાર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ - એ ચાર વેદ છે. વેદોમાં માનવને ઉપયોગી એવું બધું જ જ્ઞાન અને વિજ્ઞાન મૂળરૂપમાં વિદ્યમાન છે. આ ઉપરાંત વેદોની વ્યાખ્યા માટેના ઋષિઓએ બનાવેલા ગ્રંથો, જેવા કે ચાર બ્રાહ્મણ, ચાર વેદ, છ દર્શન શાસ્ત્ર, દસ ઉપનિષદ અને છ વેદાંગ પણ વૈદિક ધર્મનો વિસ્તારથી પરિચય કરાવે છે.

(૧) વેદિક ધર્મ સંસારના બધાં મત અને સંપ્રદાયો કરતા વધારે પ્રાચીન છે. તે સૃષ્ટિના આરંભથી એટલે કે ૧,૯૬,૦૮,૫૩,૧૧૯ વર્ષોથી છે.

(૨) સંસારભરના બીજા મત, પંથ કે સંપ્રદાય કોઈ પૈગમ્બર, મસીહા, યુગ પુરુષ, મહાત્મા વગેરે દ્વારા પ્રવર્તિત કરાયા છે. પરંતુ વૈદિક ધર્મ ઈશ્વરીય છે.

(૩) વૈદિક ધર્મમાં એક નિરાકાર, સર્વજ્ઞ, સર્વવ્યાપક, ન્યાયકારી એવા ઈશ્વરને જ પૂજ્ય એટલે કે ઉપાસ્ય (= પૂજવાને યોગ્ય) માનવામાં આવે છે, તેની જ ઉપાસના કરાય છે.

(૪) ઈશ્વર અવતાર લેતા નથી અર્થાત્ તેને સૃષ્ટિનું સર્જન, પાલન અને નાશ કરવા માટે શરીર ધારણ કરવાની જરૂર નથી.

(૫) જીવ અને ઈશ્વર (=બ્રહ્મ) એક નથી, પણ બંને જુદા-જુદા છે. આ બંનેથી જુદી ત્રીજી વસ્તુ પ્રકૃતિ છે. આ ત્રણેય અનાદિ છે.

(૬) વૈદિક ધર્મના બધા જ સિદ્ધાંતો સૃષ્ટિક્રમના નિયમોને અનુકૂળ છે અને વિજ્ઞાનની કસોટી પર ખરા ઉતરે છે.

(૭) વિદ્યા-અભ્યાસ કરવો, યમ-નિયમોનું પાલન, યોગાભ્યાસ, માતા-પિતાની સેવા, સત્સંગ એ જ તીર્થો છે.

(૮) ભૂત, પ્રેત, ડાકણ વગેરેના કહેવાતા સ્વરૂપોનો વૈદિક ધર્મમાં સ્વીકાર કરવામાં આવતો નથી. આ બધી માત્ર કલ્પના છે અને અજ્ઞાનીઓની ઉપજ છે.

(૯) સ્વર્ગ અને નરક કોઈ વિશેષ જગ્યા નથી, જ્યાં સુખ છે ત્યાં સ્વર્ગ છે અને જ્યાં દુઃખ છે ત્યાં નરક છે.

(૧૦) સ્વર્ગના કોઈ જુદા દેવતા હોતા નથી. માતા, પિતા, ગુરુ, વિદ્વાન અને પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ વગેરે જ સ્વર્ગના દેવતા છે.

(૧૧) જે મનુષ્ય જેવા - શુભ કે અશુભ કાર્યો કરે છે, તેને તેવાં જ સુખ કે દુઃખ રૂપ ફળ જરૂર મળે છે. ઈશ્વર કોઈ પણ મનુષ્યનાં પાપોને કોઈ

પણ પરિસ્થિતિમાં ક્ષમા કરતો નથી.

(૧૨) મનુષ્ય માત્રને વેદ ભણવાનો અધિકાર છે, પછી તે શૂદ્ર હોય કે સ્ત્રી.

(૧૩) કર્મના આધારે માનવ સમાજના ચાર વિભાગ છે. જેને ચાર વર્ણ પણ કહે છે. (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) શૂદ્ર

(૧૪) જન્મથી કોઇ પણ વ્યક્તિ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર નથી. પોત-પોતાના ગુણ, કર્મ અને સ્વભાવ મુજબ બ્રાહ્મણ વગેરે કહેવાય છે. પછી તે કોઇ પણ ઘરમાં જન્મેલ હોય.

(૧૫) સફાઇ કામદાર, ચમાર વગેરે કોઇ પણ મનુષ્ય જાતિ કે જન્મને લીધે અછૂત હોતો નથી. જે ગંદો છે તે અછૂત છે. પછી તે જન્મથી બ્રાહ્મણ હોય કે શૂદ્ર પછી અન્ય કોઇ.

(૧૬) વૈદિક ધર્મ પુનર્જન્મને માને છે. સારાં કર્મો વધારે કરવાથી આવતા જન્મમાં મનુષ્ય શરીર અને ખોટાં કર્મો વધારે કરવાથી પશુ, પક્ષી, કીટક, પતંગિયાં વગેરેનું શરીર મળે છે.

(૧૭) વેદની આજ્ઞા મુજબ ઉત્તમ કર્મો કરવાથી માનવ ભવિષ્યમાં પાપ કરવાથી બચી શકે છે, પણ કરેલાં કર્મો - પાપોથી કોઇ બચી શકતો નથી.

(૧૮) પાંચ મહાયજ્ઞો કરવા દરેક વૈદિક ધર્મીને માટે જરૂરી છે. જેવા કે (૧) બ્રહ્મયજ્ઞ (ઇશ્વરની ઉપાસના કરવી) (૨) દેવયજ્ઞ (હવન કરવો) (૩) પિતૃયજ્ઞ (માતા- પિતા, સાસુ-સસરા વગેરેની સેવા કરવી) (૪) બલિવૈશ્વદેવયજ્ઞ (ગાય વગેરે પશુ પક્ષી તથા વિધવા, અનાથ, વિકલાંગ વગેરેને ભોજન આપવું, સેવા સહાયતા કરવી) (૫) અતિથિયજ્ઞ (વિદ્વાન, સંન્યાસી, ઉપદેશક વગેરે પાસેથી ઉપદેશ ગ્રહણ કરવો અને તેમની સેવા તથાસત્કાર કરવાં)

(૧૯) જીવતાં માતા-પિતા, ગુરુ, વિદ્વાન વગેરેની સેવા કરવી એ જ શ્રાદ્ધ કહેવાય છે અને વડીલોને ખવડાવી-પીવડાવીને તેમને સંતુષ્ટ કરવાં તર્પણ કહેવાય છે.

(૨૦) મનુષ્યના શરીર, મન અને આત્માને સુસંસ્કારી (ઉત્તમ) બનાવવા માટે નામકરણ, યજ્ઞોપવિત વગેરે સોળ સંસ્કાર કરવાં એ દરેકનું કર્તવ્ય છે.

(૨૧) આભડછેટ, નાત-જાતના ભેદ, જાદુ-મંત્ર, ચમત્કાર, દોરાધાગા, તાવીજ, શુકન, જન્માક્ષર, ફલિત જ્યોતિષ, હસ્તરેખા, નવગ્રહપૂજા, મૂર્તિપૂજા, અંધવિશ્વાસ, બલિપ્રથા, સતીપ્રથા, માંસાહાર, મદ્યપાન, બહુવિવાહ વગેરે વાતોનો વૈદિક ધર્મમાં નિષેધ છે.

(૨૨) વેદ મુજબ જ્યારે મનુષ્ય સત્યજ્ઞાનને પ્રાપ્ત કરી નિષ્કામ ભાવથી શુભકર્મોને કરે છે અને શુદ્ધ ઉપાસનાથી ઇશ્વરની સાથે સંબંધ જોડી લે

અનુસંધાન પાના નં. ૨૪ પર

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**– સહસંપાદક**

ગતાંકથી ચાલુ....

મોટા શૈતાનને કાંકરી મારવાનું આ ફળ હતું. બીજા દિવસે ત્રણ શૈતાનને સાત-સાત કાંકરી ગણીને મારવામાં આવે છે, ત્યાર બાદ કુરબાની અપાય છે. ત્રીજા દિવસે પણ અહીં સાત-સાત કાંકરી ત્રણેય શેતાનોને મારવામાં આવે છે, ત્યાર ફરીને કુરબાની અપાય છે. ત્રીજા દિવસે સાંજ સુધીમાં મક્કા પહોંચી જાય છે અને સાત વખત અલ્લાના ઘરની પરિક્રમા કરીને અને સાત વખત પરિક્રમામાં દોડ લગાવીને વાણંદ પાસે મુંડન કરાવી (એહરામ) ધોતી ઉતારી પોત-પોતાના કપડાં પહેરી લે છે. બસ અહીં હજ પૂર્ણ થાય છે.

પરંતુ મક્કા નગર બાબતે આપનું ધ્યાન દેવડાવું છું. અહીં એક કબ્રસ્તાન છે. જેને જન્નતુલ્માલે કહેવાય છે. આમાં મુસ્લિમ વડીલોની કબરો છે, જે મક્કામાં જ દેહત્યાગ કરે તેને સૌભાગ્યશાળી માનવામાં આવે અને આ કબ્રસ્તાનમાં દફવાવવામાં આવી કારણકે નિશ્ચિત રૂપે સ્વર્ગમાં (બહિસ્ત) જાય છે. હાજીઓ તે કબરો પર જઇને તેમાં દફનાવેલાં પીર પાસે મોટી-મોટી માનતા માને છે. જલાલતલમલિકનું ધ્યાન જ્યારથી આ તરફ ગયું છે ત્યારથી તેણે આખુ કબ્રસ્તાન સાફ કરાવી નાંખ્યું છે. યોગ્યજ કર્યું, નહીં ત્યાં કબર હોય અને ન કોઇ ઇશ્વરને છોડીને કોઇ અન્યની પૂજા કરશે. આમ કર્યા પછી આ કબ્રસ્તાન (જન્નતુલમાલે)માં પહેરો પણ ગોઠવી દીધો છે, જેથી કોઇ અજાણ્યો વ્યક્તિ પણ એ તરફ ન જઇ શકે, જો કે વિશ્વાસ રાખનારા હજુ પણ એ તરફ જાયછે, પરંતુ ત્યાં જવાનો રસ્તે બંધ હોવાથી દૂરથી જ દુવા માંગે છે, કબર ભલે ન હોય, પરંતુ તેની નીચે પીર તો હાજર છે!

મક્કા એક મોટું નગર છે. અહીં ઘણાં મકાનો અને ધર્મશાળાઓ આવેલા છે, જેમાંના મોટાભાગના આખું વર્ષ ખાલી રહે છે. માત્ર હજના દિવસોના મક્કામાં ભીડ-ભાડ રહે છે. મક્કાવાસીઓનું ગુજરાન હાજીઓથી ચાલે છે, તેઓ હાજીઓ પાસેથી વર્ષભરનું કમાઇ લે છે. મક્કામાં લગભગ તમામ નગરોની વસ્તુઓ મળી જાય છે. દૂર-દૂરનાં દેશોમાંથી વહાણો ભરીને માલ લાવે છે અને જિદાહમાં ઉતારે છે, અને હજના દિવસો નજીક આવતા

પોતાની દુકાનો લગાવી દે છે. મક્કામાં સર્રાફની દુકાન ઘણી હોય છે. તેઓ અંગ્રેજી ચલણ કે અન્ય દેશના ચલણને સાઉદી સિક્કામાં બદલી આપે છે, જે તીર્થસ્થાનમાં ચડેલા છે. સઉદી સિક્કો રિયાલ એક રૂપિયા છે. આનાનો હોય છે. જો કે એનો ભાવ બદલતો રહે છે. રિયાલ ઉપર અબ્દુલ અજીજ ઇબન સઉદ મલિક નજદો હજાજ લખેલું હોય છે. રિયાલ ઉપરાંત નિરફ (અડધો) રિયાલ, રાબ્બા (ચોથો ભાગ) રિયાલ, કુરશ, નિરફ કુરશ અને હલેલા વગેરે મૂલ્યનાં સિક્કા ચાલે છે. હલેલાને સઉદી પૈસા અને કુરશને સઉદી આનો સમજવા. એક રિયાલના બાવીસ કુરશ થાય છે.

મક્કામાં જે શાકભાજી મળે છે તે મોટાભાગે તાયફ અને લપ્યા ખીણમાંથી આવે છે, જે મક્કાથી ત્રણ દિવસની સફર જેટલી દૂર છે. તમામ પ્રકારના ફળ પણ અહીં જિદ્દાથી આવે છે. પાણી વેંચવાનો વ્યવસાય પણ અહીં સારો ચાલે છે. જિદ્દા અહીંથી બે દિવસનો રસ્તો છે. ત્યાંથી શરૂ કરીને મક્કા સુધી પાણીની દુકાનો જ જોવા મળે છે અને એક ટીનના ચાર કુરશ (ચાર આના) છે. પાણી પછી બીજા નંબરે ચાની દુકાનો હોય છે. મક્કામાં ભારતીય મુસલમાનોથી પણ ઘણી દુકાનો છે.

હાજીઓમાં સૌથી વધુ સંખ્યા ભારતીય મુસલમાનો હોય છે, ત્યાર પછી બીજા નંબરે જાવા (ઇન્ડોનેશિયા)ના લોકો હોય છે. બાકીનાં દેશોના લોકોની સંખ્યા પ્રમાણમાં ઓછી હોય છે. અરબો માટે તો મક્કા સાવ નજીક જ છે, આથી ત્યાંના લોકો બહુ ઓછા હોય છે. ઇરાની અને તુર્કી લોકો હજની જરૂરિયાત જ સમજતા નથી. ત્યાંથી કોઇ અહીં આવે છે તો તે માત્ર ધન કમાવા માટે જાવા (ઇન્ડોનેશિયા) નિવાસીઓને મેં પૂછ્યું કે આપને ત્યાંથી નાની ઉંમરના છોકરાં શા માટે હજ કરવા આવે છે ? તો જવાબ મળ્યો કે જાવામાં એવી પ્રથા છે કે જે હજ નથી કરતા તેઓ સાથે કોઇ દીકરા-દીકરીના લગ્ન કરતા નથી. આથી જાવાના લોકો વધુ સંખ્યામાં આવે છે, ભારતીય લોકો કરતા તેઓ સંખ્યામાં પાછળ રહેતા નથી. જાવાના ઘણાં લોકો સાથે મારી વાતચીત થઇ, તેથી જાણવા મળ્યું કે કેટલાંય નિર્ધન લોકો હજ કરવા માટે પોતાના ઘર પણ વેંચી નાખે છે, હજ પૂરી કરીને પરત આવીને નવેસર ઘર બનાવે છે. આથી જાવાના નેતાઓ આ કુપ્રથા હટાવવાનો પ્રયત્ન કરે છે.

મક્કામાં મોટી બજારો છે, કેટલાંય મદ્રેસા (સ્કૂલ) છે, જ્યાં અરબી અને અંગ્રેજી ભણાવાય છે. અહીં એક મદ્રેસો અલફલાહ છે, જ્યાં અરબી અને અંગ્રેજી ભણાવાય છે. અહીં એક મદ્રેસો અલફલાહ છે, જેમાં આ બંને ભાષાઓ શીખવાય છે. આ મદ્રેસો મુંબઇના મુહમ્મદ અલી જૈનલ નામના એક શેઠે બનાવી

આપ્યો છે. રાજ્ય તરફથી પણ કેટલાંય મદ્રેસા ખુલ્યા છે. એકનું નામ ખૈરિયા અને બીજાનું નામ સહૂલિયતા છે. આ બંને નિઝામ હૈદરાબાદ તરફથી ચાલે છે.

મક્કા પવિત્ર સ્થાન હોવાથી ભારતના નિર્ધન હાજીઓ અહીં જ વસી જાય છે, કારણકે હૈદરાબાદ અને ભોપાલ રાજ્ય તરફથી આવા લોકોને આર્થિક મદદ મળે છે અને હજના સમય તો આ લોકો માલામાલ થઇ જાય છે. કેટલાંક ખાનગી શિક્ષકો પણ છે કે જેઓ અંગ્રેજી વર્ગો ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. એક-બે પ્રેસ પણ છે જ્યાં ઉમ ઉલકુરા નામનું છાપુ છપાય છે, જેમાં સરકારી પત્રો અને સૂચનાઓ પણ છપાય છે.

ભારતના હાજીઓ અરબી ઓછું આવડે છે, આ જ લોકો અરબ દુકાદારોનાં સાથી મોટા ગ્રાહકો હોય છે, આથી ત્યાંના અરબી દુકાનદારો પણ ઉર્દૂ શીખવું પડે છે.

ભારતીય મુસલમાનો એવો દાવો કરતા હોય છે કે અરબી તમામ ભાષાઓનું મૂળ છે, પરંતુ અરબમાં જતા તેઓનો વિચાર બદલાય જાય છે, કારણ કે અરબી દુકાનદાર ભારતીય ગ્રાહકોને જોઇને કહે છે કે બેતા એટલે બેસો દોરતી માંકતા એટલે કે બે રોટલી માંગે છે. પાણીને બાની, ચાવલાને શાવલ, ચાયને શાય; છોટા (નાના)ને શોતા, પીરને બીર, પંજાબને બંજાબ, સિપાલકોટને સિપાલકોત, કરાચીને કરાશી, ગુલને ગુલ અને ગાંધીને ગાંદી કહે છે. જેવી ઉર્દૂ બોલે છે તેવી જ શુદ્ધ અંગ્રેજી પણ બોલે છે. વટ (વડ)ને બત, ડૂ ને દૂ અને વોટરપંપને વાતરબંધ કહે છે. તેઓની અંગ્રેજીનું ઉચ્ચારણ સાંભળવાનો આનંદ તો તે જ લઇ શકે છે કે જેઓ તેમની સાથે વાત-ચીત કરે છે.

મક્કામાં જે જબલ સૌર અને બીજા દર્શનના સ્થળો છે કે જ્યાં પરમાત્માને ભૂલીને લોકો કબરો અને પીર ફકીરો પાસે જઇને માનતા માને છે, આ બધું જલાલતલમલિકે બંધ કરાવી દીધું છે. ત્યાંના મકાન વગેરે પણ પડાવી નાખ્યા છે. આમ કરીને તેણે મુસલમાનોને માત્ર પરમાત્માની ભક્તિ કરવાનો રસ્તો બતાવ્યો છે.

મક્કામાં મોટી-મોટી હોટલો છે. જ્યાં ભોજન મળી શકે છે અને કેટલીક ભઠ્ઠીઓ ડબલ રોટી બનાવવાની પણ છે. હજના દિવસોમાં મક્કામાં ફકીર ઘણાં આવે છે, જેઓને તે દિવસોમાં ખાવાનું ઘણું મળે છે, પરંતુ જેવો હજ પુરો થાય હાજીઓ પોત-પોતાના ઘરે ચાલ્યા જાય છે તો ફકીરોને ભોજન મળતું બંધ થાય છે. ફકીરો ભૂખ્યા રહેવા લાગે છે, આથી તેઓ મદીના ચાલ્યા જાય છે. ત્યાં પણ તેઓનું ગુજરાત હાજીઓ દ્વારા જ થાય છે, પરંતુ ત્યાંથી હાજીઓ વિદાય થયે ફકીરોને કષ્ટના દિવસો શરૂ થાય છે. હજના દિવસો પછી બીચારા અરબોને પણ આવકનું સાધન બંધ થાય છે તો ફકીરોને કોણ આપે ? જો એક

ફકીર આખો દિવસ મદીનામાં માગતો ફરે તો પણ સાંજ સુધીમાં તેને પેટ પુરતું ખાવાનું નથી મળતું. પછી ફકીરો મદીનાથી જિદ્દા આવી જાય છે. પરંતુ જિદ્દા યાત્રીઓનું ઘર નથી, આથી અહીં પણ તેઓની એ જ સ્થિતિ થાય છે.

હું જ્યારે મક્કામાં હતો ત્યારે હજના ત્રણ-ચાર મહિના પછીની વાત છે. કેટલાંક ફકીર મદીનાથી મક્કા આવ્યા. તેઓને મક્કાના ફકીરોએ પૂછ્યુ- મદીનામાં ખાવાનું મળે છે કે નહીં? તેઓ કહે અલહમદુલિલ્લાહ એટલે કે ખૂબ ખાવાનું મળે છે. ત્યાં તો કોઇ વાંધો નથી. આ સાંભળીને તેઓમાંથી એકે ચિલ્લાઈને કહ્યું - બધાં ખોટું બોલે છે. ત્યાં ખાવા-પીવાનું કંઇ મળતું નથી. ભૂખના માર્યા અમે મદીના છોડીને આવ્યા છીએ. આવું બોલનારને કેટલાંક ફકીરોએ ઠપકો આપ્યો કારણ કે આવું કહેવાથી હરમૈન શરફૈન (શાસક)ની પ્રતિષ્ઠા ઘવાય છે. ફકીરો એક-બીજાનું હિન્દુસ્તાનમાં હતા તો દરરોજ રોટલી લંગોટમાં બાંધતા હતા. આપણા જેવાં વીસ, પચ્ચીસ, ફકીરોનું દરરોજ પેટ ભરાતું હતું. હું પણ ત્યાં ઊભો હતો અને આ કૌતુક જોતો હતો. તેઓની ચર્ચા સાંભળીને તેઓ પાસે ગયો અને કહ્યું -

मेरे मौला बुलालो मदीने मुझे
गमे हिजरत न देगा जीने मुझे!

**- ક્રમશઃ**

**અનુસંધાન પાના નં. ૧૩ પરનું ચાલું** **પિતૃ નડતર**

સરિતા ભાગ - ૧/૨ જોઈ જાય તેવી વિનંતી છે. મનમાં ધગશ હોય તો દુબળા દેહે પણ , સત્ય માટેની આખરી કસોટી સહજ રીતે પાર કરી શકાય છે. તે પુસ્તકમાં આપવિતી રૂપે દર્શાવ્યું છે.

સાચી મૌજ સામે પિતૃ ફરકે ખરા?

પુસ્તકનાં પાને વેણ રૂપી વધાવોઃ

સંસાર વચ્ચે રહીને સત્ય અને પ્રમાણિકતાનું ગૌરવ જાળવવાની મથામણનાં એ કપરા કાળમાં... નોકરી ગઇ કે જશે...અટકાયત થઇ કે થાશે... એવા હાડ ગાળી નાખે તેવા વિકટ સંજોગોમાં પણ અમારા ઘરમાં એટલે કે અમારા મનમાં, પિતૃ પ્રગટ ન થયા. મને એ બાબતે સભાન હતું કે આ બધી વિટંબણા સત્ય ધર્મની જાળવણી માટે છે. સત્યના ગૌરવ થકી મન તરબતર હતું. દુઃખના મારથી મન સહેજ પણ નબળું ન પડયું. પિતૃનો નિયમ છે. માણસનું મન નબળું પડે પછી જ સૌ સૌના પિતૃઓ પ્રગટ થાય છે!



પિતૃ નડતર એક અજ્ઞાત ભય !

# સાહસ અને તપ વિના સિદ્ધિ નથી.

- બળદેવભાઇ ઓઝા

નાના ભાઇએ સંત પ્રેરણાથી જીવન મંત્ર અપનાવ્યો. સંસારમાં રહીને સાધુપણું જાળવવું. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં સત્યને વળગી રહેવું.

મદદનીશથી શરૂ કરીને કલાસવન સરકારી અધિકારી તરીકે સેવા બજવી. ઇશ્વર સાધુ સંતોની જ કસોટી કરે છે એવું નથી. જે કોઇએ સત્યનો માર્ગ નીતિધર્મ સ્વીકાર્ય નથી કે કસોટી ચાલુ થઇ નથી. ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે.

જેટલા જોરથી આ સંસારી જીવે સત્યને પડક્યું એટલા જોરથી કસોટીનો મારો શરૂ થયો. સજ્જન અને પ્રમાણિક બનીને રાજકરણમાં ટકી રેહવું અઘરૂં છે એના કરતા પણ વધારે અઘરૂં કામ નીતિધર્મ જાળવીને સરકારી નોકરીમાં હેમખેમ પાર ઉતારવાનું છે. પ્રમાણિક રાજકરણીઓએ સત્તા સિવાય ખાસ ગુમાવવાનું હોતું નથી. પ્રમાણિકતાનું પૂછડું પકડીને ચાલતા અધિકારીને, અવળું પડયું તો આજીવિકાથી હાથ ધોવાનો વારો પણ આવે છે.

કરોડો વર્ષોથી, કરોડો મનુષ્યો આ પૃથ્વી પર આવ્યા અને ગયા. માનવ જાતે સુખ પણ ભોગવ્યા. દુઃખ પણ ભોગવ્યા. અનીતિ આચરનારાઓએ અપલખણ થકી વિટંબણાઓ ભોગવી. બળબળતા હૃદયે અને ન છૂટકે હજારો સજ્જનો એવા પણ થયા કે જેઓએ પરાવાર કષ્ટો સહન કર્યા. પરંતુ નીતિ ધર્મ જાળવી રાખ્યા. એક આદર્શ ધ્યેય સાથે હસતા હસતા દુઃખોને આવકાર્યા.

દુનિયાની નજરે બન્ને દુઃખી દેખાયા. ફરક માત્ર એટલો જ રહ્યો કે ભ્રષ્ટ દુઃખી થયા. સત્યશીલ જીવો દુઃખમાં પણ મોજ મસ્તી ભર્યું જીવન જીવી ગયા. આટલી પ્રસ્તાવના ખાસ હેતુસર કરી છે. જરા સરખુ દુઃખ આવે અને લોકો બહાના શોધવા નીકળી પડે છે. પિતૃ નડે છે, માતાનું લેણુ છે, ગ્રહો નબળા છે વગેરે...વગેરે...

સાધુ માટે કેટલીક આખરી કસોટી હોય છે. પ્રમાણિક સરકારી અધિકારી માટે કેટલીક કસોટી આખરી કસોટી ગણાય છે. મગજની નસ ફાટી જાય છે એવી આકરી વિટંબણાઓ મનમાં સત્યનું ગૌરવ હોય તો હસતા હસતા સહી શકાય છે, એ શાસ્ત્રવચનનો પ્રત્યેક્ષ અનુભવ આ સામે ઝઝૂમતા જીવોને ટિંબણાઅવો સમયે સામે પિતૃ નહીં પરંતુ પરમાત્મા દેખાતા હોય છે.

અવસરવાદી અને તકવાદી વાતાવરણથી ભ્રમિત જિજ્ઞાસુ, સત્ય અને એની આભા વિષે જાણીને હલકા ફૂલ બનવા માંગતા હોય તેઓ મારૂં પુસ્તક સંત

અનુસંધાન પાના નં. ૧૨ પર



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધવિશ્વાસઃ સૂર્ય ગ્રહણ અને ચંદ્રગ્રહણ સમયે દાન આપવાથી ગ્રહણના દુષ્પ્રભાવથી છૂટી જવાય છે.**

**નિવારણ :** દાન -પુણ્ય કરવું એ સારી બાબત છે, એ ઉતમ કાર્ય છે. એનાથી આપણાં જીવનની ઉન્નતિ તો થાય છે, પરંતુ આમ કરવાથી ગ્રહણ ના પ્રભાવથી છૂટી જવાય છે એમ માનવુ એ અંધવિશ્વાસ છે. શું ગ્રહોએ આપણાને પકડી રાખ્યા છે કે જેથી છૂટી જવાય? સૂર્યગ્રહણ કે ચંદ્ર ગ્રહણ એ પ્રાકૃતિક નિયમાનુસાર થતા હોય છે ,આ ક્રિયા ને દાન -પુણ્ય સાથે શો સંબંધ છે? જો દાન ન કરીએ તો ગ્રહણનો પ્રભાવ આપણા પર હંમેશા માટે જળવાઇ રહેશે ? આવી વાતો અજ્ઞાનતા સૂચવે છે . અંધવિશ્વાસ ફેલાવવો એ જાણે મનુષ્યનો સ્વભાવ બની ગયો છે/ સવારથી સાંજ સુધી બસ આવી જ મુર્ખાઇભરી વાતોમાં ગુંચવાયેલો રહે છે . આજ કારણે આજનો મનુષ્ય દુઃખ થી ઘેરાયેલો રહે છે જે લોકો આવી તર્કહીન વાતોમાં વિશ્વાસ નથી રાખતા તે સુખી છે.

સામાન્ય રીતે એવુ જોવા મળે છે કે ગ્રહણ છૂટે ત્યારે ભિખારી લોકો ભીખ માંગવા નીકળી પડે છે. લોકો તેઓને પૈસા, કપડાં, અનાજ વગેરે આપે છે આપણી દયા પર નભતા ભિખારીઓમાં શું એટલી ક્ષમતા છે કે આપણને ગ્રહોનાં દુષ્ય પ્રભાવથી બચાવી લે અને આપણા દુઃખો દૂર કરી દે આ ભિખારીઓને આળસુ-કામચોર હરામનું ખાવા વાળા આપણે જ બનાવી એ છીએ. આજ રીતે પુરોહિત-બ્રાહ્મણોને પણ દાન-દક્ષિણા આવા અવસરે આપીને એવી ભવના કરીએ છીએ કે તેઓની કૃપાદષ્ટિથી આપણા ઉપરથી ગ્રહોનો દુષ્યપ્રભાવ દૂર થઇ જશે. આવી માન્યતા પણ ખોટી છે.

કેટલાંક લોકો ગ્રહણ વખતે દાન-પુણ્ય એટલે કરે છે કે તેથી આપણે કરેલા દુષ્કર્મો-પાપ -નષ્ટ થઇ જશે. આવા પ્રસંગે શ્રેષ્ઠ બ્રાહ્મણો નું કર્તવ્ય છે કે તેઓ પોતાના યજમાનોને સત્ય જ્ઞાન આપીને તેઓનું માર્ગદર્શન કરે કે પાપ-કર્મ ક્યારેય નષ્ટ થતા નથી, કરેલા કર્મોનું ફળ અવશ્ય ભોગવવું જ પડે છે.

અગાઉ કહયું તેમ દાન-પુણ્ય કરવું એ ઉત્તમ કાર્ય છે, પરંતુ દાન વગેરે પાત્ર જોઇને કરવું જોઇએ. સુપાત્ર-યોગ્ય વ્યક્તિને કરવું જોઇએ. કુપાત્રને નહીં. સુપાત્રને આપેલ દાન અન્યના કલ્યાણને માટે વપરાશે જ્યારે કુપાત્રને આપેલ દાન કુકર્મોમાં ખર્ચાશે.

સન્માર્ગે વપરાયેલ દાનથી દાનદાતાને પુણ્ય મળે છે.

અનુસંધાન પાના નં. ૨૪ પર

# જિજ્ઞાસા – સમાધાન

– આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા : શરીર અવસ્થામાં જ આત્માને જીવાત્મા કહેવામાં આવે છે, મોક્ષમાં નહીં. મોક્ષના સમયે આત્મા માત્ર આત્મા હોય છે. એવું વાંચવા - સાંભળવા મળે છે કે મોક્ષમાં પ્રાણનો સંબંધ આત્માથી છૂટી જાય છે, તો પ્રાણ એકદેશી છે? પ્રાણ સાથે સંબંધ થવાથી જ આત્મા જીવાત્મા શા માટે થઈ જાય છે?**

**સમાધાન :** શરીર અવસ્થામાં જ આત્માને જીવાત્મા કહેવામાં આવે છે, અને મોક્ષમાં નથી કહેવામાં આવતો એવું નથી. આત્મા બંધ કે મોક્ષ કોઇ પણ અવસ્થામાં હોય તો પણ તેને આત્મા, જીવાત્મા, જીવ કહેવામાં આવે છે. અહીં મહર્ષિ દયાનંદના વચનો પ્રમાણ તરીકે જોઇએ. ૧. શરીર રહિત મુક્ત જીવાત્મા બ્રહ્મામાં રહે છે, તેને સાંસારિક સુખ-દુઃખનો સ્પર્શ પણ થતો નથી, તે સર્વદા આનંદમાં રહે છે. ૨. જેવી રીતે અત્યારે બદ્ધ-મુક્ત જીવ છે તેમજ સર્વદા રહે છે. ૩. તે મુક્ત જીવો મુક્તિમાં બ્રહ્મનો આનંદમાં... ૪. જીવ મુક્ત થઇને પણ શુદ્ધ સ્વરૂપ અલ્પજ્ઞ અને પરિમિતિ ગુણ, કર્મ, સ્વભાવવાળો રહે છે. પરમેશ્વરની જેમ... ૫. મોક્ષમાં ભૌતિક શરીર કે ઇન્દ્રિયોનાં ગોલક જીવાત્માની સાથે રહેતા નથી... (સત્યાર્થ પ્રકાશ સમુલ્લાસ ૯.) વગેરે સ્થળોએ મહર્ષિ આત્મા, સંજ્ઞા હોય છે. અન્યત્ર નહીં - એમ કહેવું યોગ્ય નથી. એ ઠીક છે કે મોક્ષમાં આત્માને જીવાત્મા જીવ આ ત્રણેય શબ્દોનો ઉપયોગ કરે છે. આથી મોક્ષમાં જ આત્મા સંબંધ પ્રાણો સાથે રહેતો નથી. અને ભૌતિક પ્રાણ એકદેશીય છે. એ બાબત પણ શંકા રહિત છે.

પ્રાણ સાથે સંબંધથી જ આત્માને જીવાત્મા કહેવાય એવું નથી. પ્રાણ સાથે સંબંધ ન હોય તે પણ જીવાત્મા કહેવામાં આવે છે. આ બાબત મહર્ષિના ઉપરોક્ત વચનોથી સિદ્ધ થાય છે.

**જિજ્ઞાસા : સત્યાર્થપ્રકાશમાં શરીરની ચાર અવસ્થાએ માનવામાં આવેલ છે - સુષુપ્ત, સ્વપ્ન, જાગૃત અને તુરીય આ અવસ્થાઓમાં આત્માનું નિવાસ સ્થાન ક્યાં હોય છે?**

**સમાધાન :** સત્યાર્થ પ્રકાશના નવમાં સમુલ્લાસમાં મહર્ષિએ મુક્તિના સાધન બતાવેલ છે. તે સાધનોમાં ત્રણ અવસ્થાઓનું વર્ણન છે - જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ. ત્યાં તુરીયને અવસ્થા નહીં પરંતુ મહર્ષિએ ચોથા શરીરના રૂપમાં વર્ણન કરેલ છે. આ તુરીય શરીરનું વર્ણન કરતા મહર્ષિ લખે છે - તુરીય શરીર તે કહેવાય છે કે જેમાં સમાધિ વડે પરમાત્માના આનંદ સ્વરૂપમાં જીવ હોય છે. આ જ સમાધિ સંસ્કારજન્ય શુદ્ધ શરીરનું પરાક્રમ મુક્તિમાં પણ યથાવત્ સહાયક રહે છે. આ રીતે આ તુરીય

અવસ્થા નહીં પરંતુ તુરીય શરીર છે.

આત્માનું સ્થાન શરીરમાં ક્યાં છે. એ બાબતે ઉપનિષદ્‌માં લખ્યું છે કે આત્માનું સ્થાન હૃદય છે. મહર્ષિ દયાનંદે ઋગ્વેદાદિભાષ્ય ભૂમિકામાં ઉપાસના વિષયમાં લખ્યું છે કે હૃદય પ્રદેશમાં યોગીજન પોતાના આત્માનું પરમાત્મા સાથે મિલન કરે છે. આ મિલન જાગૃત અવસ્થા સમાધિમાં થાય છે. સુષુપ્તિમાં નહીં. આથી જાણી શકાય છે કે આત્માનું શરીરમાં મુખ્ય નિવાસ સ્થાન હૃદય પ્રદેશમાં જ છે. આનો અનુભવ પણ કરી શકાય છે. જ્યારે આપણને ભય લાગે છે તો ભયનો અનુભવ આંખ, કંઠ કે અન્ય સ્થળે થતો નથી. પણ ભયનો અનુભવ હૃદય પ્રદેશમાં જ થાય છે. કારણ કે ત્યાં આત્મા રહે છે. અનુભવ કરનાર આત્મા છે. સુખ - દુઃખ વગેરે અનુભવો પણ હૃદય રચનામાં જ થાય છે.

આત્માના સ્વરૂપ બાબતે ઋષિઓએ શાસ્ત્રમાં લખ્યું છે તે નિત્ય, ચેતન, અનાદિ, નિરાકાર, અલ્પજ્ઞ, એકદેશીય, અલ્પ શક્તિવાળો, જન્મ-મરણમાં જવા વાળો, કર્મ કરવામાં સ્વતંત્ર, ફળ ભોગવવામાં પરતંત્ર છે.

લિંગની દૃષ્ટિએ જોઇએ તો આત્મા સ્ત્રી-પુરુષ કે નપુસંક નથી. પુરુષના આત્મા અન્ય જન્મમાં સ્ત્રીના શરીરમાં અને સ્ત્રીનો આત્મા પુરુષના શરીરમાં આવતો જતો રહે છે. લિંગનું નિર્ધારણ તો શરીરના આધારે થાય છે. આત્માને પોતાનું કોઇ લિંગ હોતું નથી.

આત્માનું સ્વરૂપ, નિવાસ્થાન વગેરેની વિશેષ જાણકારી માટે ઋષિઓના ગ્રંથોનું વાચન કરવું જોઇએ.

અનુસંધાન પાના નં. ૧૭ પરનું ચાલું

આધ્યાત્મિક ચિંતન

સ્થિતિમાં નથી. તેમને જોઇને જો આપણાં મનમાં પ્રભુ કૃપાની સાથો-સાથ, આ ભાવ પણ રહે કે આવું મારી સાથે પણ સંભવ છે, તો આપણે આપણાં ઉપર ભવિષ્યમાં પણ પ્રભુ કૃપા મળતી રહેવાને પાત્ર બની જશું, આવું મારી ઉપર પણ સંભવ છે, ત્યારે હું કેવી રીતે પર્યાપ્ત આધ્યાત્મિક, પુરુષાર્થ કરી શકીશ? મારે અત્યારથી જ પૂરતો આધ્યાત્મિક પુરુષાર્થ કરવાનો છે. સામેવાળો કોઇ કારણ-વિશેષથી આ જ વિષમ સ્થિતિમાં છે, હું પણ આવી વિષમમાં પડી શકુ છું. મને આજની મારી સ્થિતિનો સંતોષ હોય, એ તો ઉચિત છે, પરંતુ ગર્વ-અભિમાન કઇ વાતનું ? બીજાના પ્રત્યે હીન ભાવના શા માટે ? શું આવું આવું મારા માટે સંભવ નથી? આવું તો કોઇની પણ સાથે થઇ શકે છે.

આવું થાય તે પહેલા જ આપણે આપણી સાધનાનો આરંભ કરી દેવાનો છે, તેને ગતિ દેવી છે, તેના માટે સમય વાપરવાનો છે. તેના માટે વિચાર કરવાનો છે, તેના માટે વધુને વધુ પ્રયત્ન કરતા રહેવાનો છે. આવું કરવાથી જ આપણે પ્રભુની વધારે કૃપાના પાત્ર થઇ શકીએ છીએ. પ્રભુની પૂર્ણ કૃપા તો આપણે મેળવવી છે, તેને માટે પાત્ર બનાવવનું છે, પાત્ર બનાવા માટે અધિક પ્રયત્ન કરવાનો છે, અધિક પ્રયત્ન માટે મનમાં હંમેશા આ ભાવ રાખવાનો છે - આવું મારા માટે પણ સંભવ છે.

અનુસંધાન પાના નં. ૪ પરનું ચાલુ... 

આ આપણું બહુજ મોટુ સૌભાગ્ય છે, આ આપણા માટે સંતોષની વાત છે

સંસારમાં સૌને આવી સારી સ્થિતિ નથી મળતી . કોઇની પાસે શરીર-ઇન્દ્રિયો સારી છે , તો બુદ્ધિ ઠીક નથી, તો શરીર ઠીક નથી, આ ઠીક છ, તો ધન પર્યાપ્ત નથી. આ અત્યારે ઠીક છે તો આગળ કોઇ આકસ્મિક દુર્ઘટના થઇ જાય છે. કોઇ રોગ વિયોગ, કોઇ અસમર્થતા આવી જાય છે. કોઇ અભાવ એવો થઇ જાય છે કે જીવન ભારરૂપ બની જાય છે, નકામા જેવુ થઇ જાય છે, ઇચ્છાહોવા છતા એ બધુ નથી કરી શકતો, જેને કરવાની મધુર સંભાવના મનમાં રાખેલી હતી. ત્યારે વિચાર આવે છે કે એ કેટલું સારુ હોત કે મેં યુવાવસ્થામાં, સ્વસ્થ, સંપન્ન અવસ્થામાં આધ્યાત્મિક પ્રગતિ માટે વધારે પ્રયત્ન કર્યા હોત. હવે ઇચ્છા હોવા છતા પણ વધારે પ્રયત્ન નથી થઇ શકતો પહેલા કરી શકતો હતો, પરંતુ ત્યારે કર્યો નહીઃ

પ્રભુ કૃપાથી આપણે સહુ ઇચ્છાનુરૂપ ઉચ્ચ આધ્યાત્મિક સાધના હમણાં પણ કરી શકીએ છીએ. આજે જે વ્યકિત શારીરિક અસમર્થતાથી ઇચ્છા હોવા છતાંપણ સાધના નથી કરી શકતો તેમનું કષ્ટ -દુઃખ તો એ સમજી શકે છે. આકસ્મિક ગંભીર દુર્ઘટના, ગંભીર રોગ, ધનનો અત્યંત અભાવ , આવી સ્થિતિઓ આપણા માટે પણ આવી શકે છે. આવી સ્થિતિઓ આપણી પોતાની અસાવધાનીથી પણ આવી શકે છે તથા બીજાની ભૂલ -અસાવધાની પણ -અન્યાય- અત્યારથી પણ આવી શકે છે. કયારે કોની સાથે શું થઇ જશે, કાંઇ કહી શકાતું નથી.

બીજાની આવી વિષમ સ્થિતિ જોઇને મનમાં પોતાના પ્રત્યે પ્રભુની કૃપા હોવાનો ભાવ ઉપજે છે, પોતાના પ્રત્યે સંતોષનો ભાવ આવે છે. જાગૃતિ ન હોય તો આ ભાવ આત્મ મુગ્ધતામાં પરિણમે છે, ગર્વ-ઘમંડ-અહંકારમાં પરણિત થઇ જાય છે, બીજાઓ પ્રત્યે ઉપેક્ષા-ઘૃણા-અનાદાર-તુચ્છતામાં પરિણમે છે. આપણી આ ભૂલ, જાગરૂકતાનો અભાવ આપણા આધ્યાત્મિક પતનનું કારણ બને છે. એક તરફ આપણે આપણી સારી સ્થિતિને માટે પ્રભુકૃપાનું સ્મરણ કરી સ્વયંને આધ્યાત્મિક વ્યકિત સમજી રહ્યાં હોઇએ છીએ, બીજી તરફ આત્મ મુગ્ધ થઇને આપણાં આધ્યાત્મિક પુરુષાર્થમાં શિથિલ થઇ જઇએ છીએ. આપણને ત્યારે પૂરો વિશ્વાસ હોય છે કે આપણાં ઉપર પ્રભુની મહાન કૃપા છે, એમાં જ ખોવાયેલા રહીએ છીએ, પરિણામે ઉન્નતિની ગતિ ધીમી થઇ જાય છે. આ સ્થિતિમાં આપણે સ્વયં પ્રતિ ગર્વ અને બીજા પ્રત્યે હીન ભાવના લાવીને આધ્યાત્મિક દૃષ્ટિથી વધુને વધુ અવનતિ-પતનને પણ પ્રાપ્ત થઇએ છીએ. આ આપણાં માટે અત્યંત ઘાતક સિદ્ધ થાય છે. ઉપરથી આધ્યાત્મિક ક્રિયા કલાપ કરતા હોવા છતાં પણ અંદરથી ખાલી, ભાવહીન થઇ જઇએ છીએ.

પ્રભુ કૃપાથી આપણે આજ સારી સ્થિતિમાં છીએ, પરંતુ બધા સારી


અનુસંધાન પાના નં. ૧૬ પર

## બાળ વિભાગ





મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'વ્યવહારભાનુ' પુસ્તકમાં શિક્ષાપ્રદ દૃષ્ટાંતો આપેલાં છે. જેના આધારે ભારત મકવાણાએ બાળકો માટે ચિત્રકથા તૈયાર કરી છે. જેનુ પ્રકાશન આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા કરવામાં આવેલ છે. 'આર્ય વૈદિક દર્શન'ના બાળ વિભાગમાં તેનો ગુજરાતી અનુવાદ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. વડીલો પોતાના બાળકોને એ વાંચવા પ્રેરણા આપશે એવી આશા છે. - સહસંપાદક




બાળકો! એ સારી વાત છે કે આપણે સભ્ય બનીએ, અસભ્ય ન બનીએ. આથી પ્રભુની કૃપા બદલ તેનો આભાર માનવો જોઇએ. તેના ગુણગાન કરવા જોઇએ. એ દરેક મનુષ્યનું કર્તવ્યું છે. સંધ્યામાં આ જ બધું હોય છે.
દાદાજી! તમે ભગવાનને ક્યારેક પરમાત્મા કહો છો. ક્યારેક ઇશ્વર, પ્રભુ, પરમાપિતા શું આ બધાં અલગ-અલગ ભગવાન છે?
દાદજી બોલ્યા -
બેટા! તે સારો પ્રશ્ન પૂછયો. પણ તે અંગે હવે પછી સમજાવીશ. અત્યારે એટલું સમજી લો કે આ બધાં એક જ છે, અને એ બધાં નામ ઇશ્વરના જ છે. ઇશ્વરના આ સિવાય બીજા ઘણાં નામ છે. અત્યારે એ સમજી લો કે ભક્તિ શા માટે કરવી જોઇએ. એ સમજો..
બેટી, એ બતાવ કે તમારી સાયકલમાં જ્યારે હવા ઓછી થઇ જાય ત્યારે તમે સાયકલવાળાની દુકાને જઇને હવા ભરાવો છો ત્યારે તમે સાયકલનાં દુકાનદારને કંઇક આપવું પડે કે નહીં?
હા, દાદાજી! હવા ભરાવવાનો એક રૂપિયો આપવો પડે છે.


દાદાજીએ અપૂર્વાને એક અન્ય પ્રશ્ન પૂછ્યો -
અપૂર્વા! આપણે વીજળી વપરીએ છીએ તો તેનું પણ બિલ ભરીએ છીએ કે નહીં?
દાદાજી! વીજળીનું બિલ આવે છે અને તેના પૈસા આપણે જમા કરાવીએ છીએ.
બેટા! હવે એ કહે જોઇ કે ઘરના નળમાં જે પાણી આવે છે તેનું પણ કંઇક આપવું પડે છે કે નહીં?
હા દાદાજી! પાણી વેરો પણ પિતાજી જમા કરાવે છે.


તો બાળકો! હવે એ બતાવો જો હવા, વીજળી, પાણીના પૈસા આપણે ન ચૂકવીએ તો એ આપણને મળે ખરૂ!
ન મળે!
થોડીક હવા, થોડીક વીજળી અને થોડા પાણી માટે પણ આપણે તેના નાણાં ચુકવીએ છીએ, તો પછી એ વિચારો કે તે ભગવાને તો આપણને આ બધું વગર પૈસે કેટલું બધું આપ્યું છે!
જેટલી મરજી હોય તેટલી હવા, જેટલી મરજી હોય તેટલો સૂર્ય અને ચંદ્રનો પ્રકાશ, જોઇએ તેટલું પાણી આપણે વાપરીએ છીએ. તો આના બદલામાં આપણે કંઇક આપવું જોઇએ કે નહીં?
આપવું જોઇએ. પરંતુ શું આપવું જોઇએ.
બાળકો, એ પરમાત્માને આપણે શું આપવું જોઇએ એ આવતીકાલે બતાવીશ. સંધ્યાનો સમય થઇ રહ્યો છે, હવે ઘરે ચાલો.

ક્રમશઃ...

# શ્રાવણી પર્વ ઉપાકર્મવિધિ (રક્ષાબંધન)

આપણાં ભારતવર્ષમાં આર્યાવર્ત દેશમાં વર્ષમાં અનેક તહેવારો ઉજવવામાં આવે છે.

આજના શ્રાવણી - પર્વ અંગે વેદ વિદ્યાનો પ્રચાર-પ્રસાર, તેમજ આર્યસમાજોમાં શ્રાવણી-પર્વ વેદ સપ્તાહ, વેદકથા, પારાયણ-યજ્ઞ અને ચાર વેદોનો મહાપારાયણ યજ્ઞ આ સમયે કરતા હોય છે.

આર્યોનું મહાપર્વ આર્યસમાજમાં ઉજવવામાં આવે છે. જેમાં વેદ, શત્શાસ્ત્રોનો મનુષ્યનાં કલ્યાણ હેતુ ઉપદેશ આપવામાં આવે છે. - વૈદિક ધર્મમાં પ્રચાર-પ્રસાર આ આર્યાવર્ત દેશમાં ચાલતો રહે અને સાથે માનવ જીવનનાં કલ્યાણની પ્રાપ્તિ બની રહે.

આ ભારતભૂમિ પર આર્યોનું સામ્રાજ્ય અને મહર્ષિ દયાનંદ સરસ્વતીએ વેદ માર્ગ બતાવેલ તેને અનુસરી વેદોની રક્ષા, વૈદિક શાસ્ત્રોનો પ્રચાર અને સાથે કહેવામાં આવે છે. દરેક હિન્દુનાં (આર્યો)ના ઘેર વેદ, શાસ્ત્રો હોવા જરૂરી છે. તેમજ નિત્ય પ્રતિ તેનું પાઠન, સ્વાધ્યાય હોવું જરૂરી છે. અને તે અનુસાર આચારણ વધુ જરૂરી છે.

વેદ આપણો ધર્મ છે. અને સર્વશ્રેષ્ઠ ઓમ્ પરમ પિતા પરમાત્માનું નામ છે. એક ઇશ્વર પૂજા આર્યસમાજનો નિયમ છે. દેશની પ્રગતિ તેમજ સામાજિક, આર્થિક, રાષ્ટ્રીય સેવા આ વર્તમાન સમયમાં જાળવવી હોય તો-મહર્ષિ દયાનંદ સરસ્વતીએ બતાવેલ વેદોના માર્ગ તરફ પાછા વળવું પડે. આ આધુનિક, વૈજ્ઞાનિક યુગમાં ઘણી બધી પ્રગતિ થઇ રહી છે. આવિષ્કાર વધુ થઇ રહ્યાં છે. પણ મનુષ્યને માનવ બનાવવા માટે કોઇ કાર્ય આગળ કરતું નથી. આ જવાબદારી દેશના નેતા સમાજ સેવકો, પ્રચારકો, રાષ્ટ્રસેવકો, ધર્મગુરુઓની હોવી જોઇએ. આજે દેશમાં સંગઠનભાવ જોવા નથી મળતો. ભારતવર્ષમાં એક ધર્મ, એક જાતિ, એક પ્રેમભાવ નથી. આર્યસમાજ એક ધર્મ, એક જાતિ, એક રાષ્ટ્રની સંકલ્પના સાથે વેદ પ્રચાર કરે છે. વેદને ધર્મની રક્ષા તેમજ આપણાં પરિવાર, કુટુંબ માટે પંચ મહાયજ્ઞ-સોળ સંસ્કાર, વગેરે આ પ્રવૃત્તિ ભારત વર્ષમાં જેટલાં આર્યસમાજો છે. તે આ કાર્ય કરે છે. એમાંજ માનવે સંપૂર્ણ સંગઠનમાં જોડાયને વેદ ધર્મ પ્રતિ ઉત્સાહ વધારી, માનવજીવનનું કલ્યાણ થઇ શકશે. તહેવારો મનાવીએ છીએ પણ તે તહેવારોનું મહત્વ અમો આજ સુધી સમજી નથી શક્યાં આવો આપણે સૌ એક મળી વેદ તરફ પાછા વળી ભારતભૂમિ ને આર્યોવર્ત દેશને જાગૃત-સમૃદ્ધિ બનાવીએ.

**- પં. દિનેશચંદ્ર આર્ય (નડિઆદ)**

# વૈદિક સાહિત્ય પરિચય

વેદ - વેદ આપણાં ધર્મ ગ્રંથ છે. સંસારના સૌથી પ્રાચીન ગ્રંથ છે. વેદોનું જ્ઞાન સૃષ્ટિના પ્રારંભમાં પરમાત્માએ ચાર ઋષિઓ અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગિરાને એક સાથે આપ્યું હતું. વેદ માનવ માત્ર માટે છે. વેદ ચાર છે.

ઋગ્વેદ - આ વેદમાં નાના અણુથી લઈને બ્રહ્મ સુધીનાં તમામ પદાર્થોનું જ્ઞાન આપવામાં આવેલું છે. આમાં ૧૦,૫૨૨ મંત્ર છે.

યજુર્વેદ - આમાં કર્મકાંડ અને અનેક પ્રકારના યજ્ઞોનું વર્ણન છે. આ વેદમાં ૧૯૭૫ મંત્રો છે.

સામવેદ - આ ઉપસનાનો વેદ છે. આમાં ૧૮૭૫ મંત્ર છે.

અથર્વવેદ - આમાં મુખ્ય રીતે વિજ્ઞાન વિષય છે. આ વેદમાં ૫૯૭૭ મંત્ર છે.

ઉપવેદ - ચારેય વેદના ચાર ઉપવેદ છે.
ઋગ્વેદનો - આયુર્વેદ
યજુર્વેદનો ઉપવેદ - ધનુર્વેદ
સામવેદનો ઉપવેદ - ગંધર્વવેદ
અથર્વવેદનો ઉપવેદ - અર્થવેદ

ઉપનિષદ્ - આજ સુધીમાં ૨૨૩ ઉપનિષદ્ પ્રકાશિત થયા છે. પરંતુ પ્રામાણિક ઉપનિષદ્ ૧૧ જ છે. જેના નામ છે - ઇશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂકય, તૈત્તરિય, એતેરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક અને શ્વેતાશ્વેતર.

બ્રાહ્મણગ્રંથ - આ વેદોની વ્યાખ્યાનાં ગ્રંથ છે. ચારેય વેદના બ્રાહ્મણ ગ્રંથ આ મુજબછે. ઐતરેય, શતપથ, તાંડય અને ગોપથ.

| | |
|---|---|
| દર્શન | -આસ્તિક દર્શન છ છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા, વેદાંત. |
| સ્મૃતિઓ | -સ્મૃતિઓની સંખ્યા ૬૫ છે. પરંતુ પ્રક્ષિપ્ત શ્લોક બાદ કરેલ મનુસ્મૃતિ જ સૌથી વધુ પ્રામાણિક છે.<br>આ ઉપરાંત આરણ્યક, ધર્મસૂત્ર, ગૃહ્યસૂત્ર, અર્થશાસ્ત્ર, વિમાનશાસ્ત્ર વગેરે અનેક ગ્રંથો છે. |
| રામાયણ મહાભારત | અને આ બંને આપણાં ઐતિહાસિક ગ્રંથો છે. |

અનુસંધાન પાના નં. ૮ પરનું ચાલું..

## વૈદિક ધર્મ પરિચય

છે; ત્યારે અવિદ્યા (=રાગ-દ્વેષ વગેરેની વાસનાઓ) સમાપ્ત થઇ જાય છે. ત્યારે જ જીવનો મોક્ષ થાય છે. મોક્ષની સ્થિતિમાં જીવ એકત્રીસ નીલ, દસ ખર્વ, ચાલીસ અબજ વર્ષો સુધી બધાં દુઃખોથી છૂટીને માત્ર આનંદનો જ ભોગ કરે છે અને એ પછી મનુષ્ય જન્મ લે છે.

(૨૩) વૈદિકધર્મી પરસ્પર મળે છે ત્યારે 'નમસ્તે' શબ્દ બોલીને અભિવાદન કરે છે.

(૨૪) વેદમાં પરમેશ્વરનાં અનેક નામોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેમાં મુખ્ય નામ 'ઓમ્' છે.

અનુસંધાન પાના નં. ૧૪ પરનું ચાલું..

## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

અહીં એ ધ્યાનમાં લેવાનું કે સૂર્યગ્રહણ વખતે સીધું સૂર્યતરફ ન જોવું જોઇએ. એમ જોવાથી આંખોને નુકશાન થાય છે. કાળા ચશ્મા કે એવું કોઇ સાધન આંખ આગળ રાખવું જોઇએ.

એવું પણ જોવા મળે છે કે ગ્રહણના સમયે લોકો ઘરની બહાર નીકળતા (ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ) નથી, તેમજ ભોજન પણ કરતા નથી. આમ કરવું એ સ્વાસ્થ્ય માટે લાભકારી છે, પરંતુ આમ કરવાથી આપણાં જીવનના કર્મફળ પર પ્રભાવ પડે છે એ ખોટી માન્યતા છે.

# ગુજરાતનું ગતિશીલ....... આર્યજગત

## શ્રાવણ માસમાં આર્યસમાજો વેદપ્રચાર અભિયાન ચલાવે

- સુરેશચંદ્ર આર્ય

મહર્ષિ દયાનંદનું આહ્‌વાહન હતું - વેદ તરફ પાછા વળો. આર્યસમાજની મુખ્ય જવાબદારી છે વેદોનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડવો. વેદની રક્ષા પણ આર્યસમાજે જ કરવાની છે. આથી વિશ્વભરની આર્યસમાજો દ્વારા વર્ષ દરમ્યાન વેદપ્રચારમાં વિવિધ કાર્યક્રમો ચાલતા રહે છે. દર વર્ષે શ્રાવણ માસમાં વિશેષ આયોજનો કરવામાં આવે છે. ગુજરાતની દરેક આર્યસમાજો ચાલુ વર્ષમાં પણ વેદપ્રચાર અભિયાન ચલાવી પોતાના કર્તવ્યનું પાલન કરે એવી અપેક્ષા છે. વેદ માસ અથવા વેદ સપ્તાહનું આયોજન પોત-પોતાના નગરમાં જાહેર સ્થળોએ કરશે તો સામાન્ય જનતા સુધી વેદ-જ્ઞાન પહોંચશે અને ઉત્તમ પરિણામ મળશે. આ માટે વૈદિક વિદ્વાનોને પણ આમંત્રણ આપી તેઓ દ્વારા વેદ કથા કરાવી શકાય. શિક્ષિત વર્ગ સમક્ષ વેદ ગોષ્ઠી રાખી શકાય. વેદ મંત્રો કંઠસ્થીકરણ સ્પર્ધા રાખી શકાય. વેદ સિદ્ધાન્તો સાર્વકાલીક, સાર્વભૌમિક અને માનવમાત્ર કલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરનારા છે. એ સિદ્ધાંતોની નિબંધ લેખન, વકતૃત્વ જેવી સ્પર્ધાઓ પણ કરી શકાય. વેદ-વેદાંગ પરિચય આપતા ચાર્ટ્સ, પત્રિકાઓનું વિતરણ કરી શકાય. આર્યસમાજના વિદ્વાનોનાં વેદ સંદેશ આપતા પુસ્તકો લેખોનું પ્રદર્શન અને વેચાણની વ્યવસ્થા કરી શકાય.

આર્યપર્વ શ્રાવણી - શ્રાવણ સુદ પૂનમ - ની ઉજવણી દરેક આર્યસમાજોમાં ઉત્સાહભેર કરવામાં આવે. સામૂહિક જનોઇ બદલવા - નવી ધારણ કરવાનું આયોજન કરી જનોઇનું મહત્વ સમજાવીને મધ્યયુગમાં જનોઇ માટે અપાયેલ બલિદાનનો ઇતિહાસ વર્ણન નવી પેઢીને તેનાથી પરિચિત કરવી.

નિઝામ હૈદ્રાબાદમાં આર્યસમાજે કરેલ સત્યાગ્રહ અને તેમાં મળેલ વિજયને યાદ કરવાનો આ દિવસ છે. આથી તે ઇતિહાસને પણ લોકો સમક્ષ રજૂ કરવો જોઇએ.

કાર્યક્રમો પૂર્ણ થયે તેની વિગતો - સમાચાર સભાને મોકલવા વિનંતી.

# આર્યસમાજ બાવળામાં થયો નવો સંચાર
## આર્યવીર દળ શિબિર અને યજ્ઞયાત્રા યોજાયા



આર્યસમાજ મંદિર, બાવળા

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રયત્નોથી બાવળા આર્યસમાજમાં પુનઃ નવ જાગૃતિનો પ્રારંભ થયો છે. છેલ્લા ત્રણ માસથી નિયમિત રવિવારીય સાપ્તાહિક યજ્ઞ અને સત્સંગ ચાલી રહ્યા છે. જેમાં દર રવિવારે એક આર્ય વિદ્વાન-પુરોહિત ઉપસ્થિત રહે છે. સ્થાનીય લોકોને ભાગ લેવા પ્રેરિત કરાય છે.

ગત તા. ૨૪ થી ૨૭ ચાર દિવસીય શ્રી આર્યબંધુજી અને શ્રી ભીખુભાઇ લખતરીયાના નેતૃત્વમાં જાહેર જનતા સુધી આર્યસમાજ પરિચય કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં બાવળાના બે માધ્યમિક વિદ્યાલયોમાં આર્યવીર દળનો શિબિર રાખવામાં આવ્યો. જે માટે ઉપદેશક મહાવિદ્યાલય ટંકારાથી ખાસ પ્રશિક્ષકોને બોલાવવામાં આવ્યાં હતાં. તેઓએ મોડેલ સ્કૂલ અને એ. કે. પટેલ વિદ્યાલય ખાતે આશરે ૨૫૦ જેટલાં વિદ્યાર્થી ભાઇ-બહેનોને સર્વાંગ સુંદર વ્યાયામ, આસન, સૂર્યનમસ્કાર વગેરે શારીરિક પ્રશિક્ષણના પાઠ શીખવ્યા. શાળાનાં આચાર્ય, શિક્ષકો વગેરેનો સારો સહયોગ રહ્યો.



આર્યવીરાંગના પ્રશિક્ષણ

તા. ૨૭ જુલાઇ (ગુરુપુર્ણિમા)ના રોજ બાવળા નગરમાં યજ્ઞરથ દ્વારા યજ્ઞ રાખવામાં આવ્યો. જે બજારો-શેરીઓમાં ફરી અને સ્થાનીય લોકોને યજ્ઞમાં આહુતિ આપવા પ્રેરિત કર્યા. લોકોએ શ્રદ્ધાભાવથી આહુતિ આપી ધન્યતા અનુભવી. આશરે ત્રણ કલાક ચાલેલ આ યાત્રા દરમ્યાન લોકોને આર્યસમાજ બાવળાનો પરિચય કરાવવામાં આવ્યો તેમજ ભવિષ્યમાં શરૂ થનારા યજ્ઞ-સત્સંગ-સંસ્કાર અને સેવાકીય



બાવળા નગરમાં યજ્ઞ યાત્રા

પ્રવૃત્તિની જાણકારી આપતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું.

આ યાત્રામાં સામેલ થવા માટે સ્વામી હરીશ્વરાનંદજી (અમદાવાદ), શ્રી આર્યબંધુજી સુરેન્દ્રનગર (યજ્ઞરથ સાથે), શ્રી ભીખુભાઇ લખતરીયા (અમદાવાદ), શ્રી પં. ગિરીશ શર્મા – અમદાવાદ, શ્રી પં. દિનેશ આચાર્ય (નડિઆદ), શ્રી અરજણભાઇ તથા બાવળાના નાગરિકો હાજર રહ્યાં હતા. આ પ્રસંગે સભામંત્રી હસમુખભાઇ પરમારે હાજર રહી ઉપયોગી માર્ગદર્શન પૂરૂ પાડયુ હતું.

# વેદોનું જ્ઞાન નિત્ય છે

*જેમ આ કલ્પની સૃષ્ટિમાં વેદોમાં શબ્દ, અક્ષર, અર્થ અને સંબંધ છે, એ જ પ્રકારે પૂર્વ કલ્પમાં હતા. અને આગળ પણ રહેશે; કેમ કે જે ઇશ્વરની વિદ્યા છે તે નિત્ય એક જ રસ બની રહે છે. તેના એક અક્ષરનો પણ વિપરીત ભાવ કદી થતો નથી. તેથી ઋગ્વેદથી લઇ ચારે વેદોની સંહિતા હાલ જે પ્રકારની છે કે એમાં શબ્દ, અર્થ, સંબંધ, પદ અને અક્ષરો જે ક્રમથી વર્તમાન છે, એ જ પ્રકારનો ક્રમ સર્વકાળ બન્યો રહે છે, કેમ કે ઇશ્વરનું જ્ઞાન નિત્ય છે; તેની વૃદ્ધિ, ક્ષય અને વિપરીતતા કદી થતી નથી. એ કારણથી વેદોને નિત્ય સ્વરૂપ જ માનવા જોઇએ.*

***(મહર્ષિ દયાનંદ, ઋ.ભા.ભૂ. વેદના નિત્યત્વ વિચાર)***

# પુસ્તક પ્રકાશન યોજના

વિવિધ આર્યસમાજો, આર્ય મહાનુભાવો અને ધર્મપ્રેમી સજ્જનો તથા રસ ધરાવતા અન્ય મહાનુભાવોના સહયોગથી શ્રી નાથુભાઇ ડોડિયાએ છેલ્લા ૧૫ વર્ષમાં સ્વાધ્યાય યજ્ઞ અંતર્ગત ૮૬ પુસ્તકો તથા ૭,૭૧,૫૦૦ પ્રતો પ્રકાશિત કરી શક્યા જે ગૌરવની બાબત ગણાય છે. હવે નીચે મુજબ ૪ (ચાર) નવા પ્રકાશિત કરી રહ્યા છે.

**(૧) ઉપનિષદનો સંદેશ : મહાત્મા આનંદ સ્વામી, ગુજરાતી અનુવાદક : દયાળ મુનિ, ટંકારા.**

૫૦ વર્ષ પહેલા આ પુસ્તક પ્રકાશિત થયુ હતું. આ પુસ્તક ૧૮૪ પૃષ્ઠનું છે. તેની કિંમત રૂા. ૩૦/- છે, ૫૦ પ્રતના અગ્રિમી સહયોગીના નામ અને ૨૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના ફોટા છાપવામાં આવશે.

**(૨) પાયાની ભૂલ : લેખક : નાથુભાઇ ડોડિયા**

આમાં ધાર્મિક ક્ષેત્રે પ્રચલિત આશરે ૬૦ પાયાની ભૂલો અંગે સમજ આપવામાં આવી છે. આમાંથી કેટલાંક લેખો આર્યસમાજ, સૈજપુર બોઘા, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયા હતાં. આ ૮૮ પૃષ્ઠનું પુસ્તક છે. તેની કિંમત રૂા. ૧૪/- છે. રૂા. ૧૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના નામ અને ૩૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના ફોટા છાપવામાં આવશે.

**(૩) કાલ માર્કસ અને સ્વામી દયાનંદ : એક તુલનાત્મક અધ્યયન : લેખક : નાથુભાઈ ડોડિયા**

બંને સમકાલિન હતા. આમાં માતા-પિતા, શિક્ષણ પ્રાપ્તિ, પ્રવૃતિ, સાહિત્ય સર્જન, ધર્મ, સંસ્થા (સામ્યવાદ-આર્યસમાજ), દાસ કેપિટલ અને સત્યાર્થપ્રકાશ, સમાજ ઉપર પ્રભાવ વગેરે મુદાઓ પર તુલનાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે. આ ૮૮ પૃષ્ઠનું પુસ્તક છે. તેની કિંમત રૂા. ૧૪/- છે. ૧૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના નામ અને ૩૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના ફોટા છાપવામાં આવશે.

**(૪) વિષ્ણુ અને શિવ સમન્વય : સંપાદક નાથુભાઈ ડોડિયા**

આમાં પુરાણોમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા વગેરે પરસ્પર અતિવરોધ, સંત તુલસીદાસે રામચરિત માનસ અને સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી દ્વારા કરાયેલ સમન્વયના પ્રયાસો અને સ્વામી દયાનંદ દ્વારા વેદોના આધારે બતાવેલ એકતાના માર્ગની માહિતી છે. આ ૪૮ પૃષ્ઠનું પુસ્તક છે. તેની કિંમત ૮/- છે. ૧૦૦

પ્રતના અગ્રીમ સહયોગીના નામ અને ૩૦૦ પ્રતના અગ્રિમ સહયોગીના ફોટા છાપવામાં આવશે.

આપશ્રીની જરૂરીયાત મુજબ પ્રતના નાણાં NATHALAL KESHAVLAL DODIA ભરૂચના યુનાઇટેડ કોર્મશીયલ બેંક, ભરૂચના ખાતા નં. ૦૩૧૧૦૧૦૦૦૦૨૪૩૩, IFSC UCHA0000311 માં જમા કરી તેની નકલ મોકલવા વિનંતી અથવા ના. કે. ડોડિયા ભરૂચના નામે ચેક મોકલવા વિનંતી.

આશા છે કે આ ચાર પુસ્તકોના અગ્રિમ સહયોગી બની આપણા સૌના આ સ્વાધ્યાય યજ્ઞમાં આપની પાવન આહુતિ ઉપર્યુકત સરનામે તા. ૧૫-૮-૨૦૧૮ સુધીમાં મોકલશો.

# આગામી વકતૃત્વ સ્પર્ધા જિલ્લા કક્ષાએ યોજાશે

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષની સ્પર્ધા જિલ્લા કક્ષાએ યોજાશે. જેનું સંચાલન જિલ્લાની આર્યસમાજો દ્વારા કરવામાં આવશે. આ સ્પર્ધા સપ્ટેમ્બર - ૨૦૧૮ સુધીમાં પૂરી કરવા દરેક આર્યસમાજોને જણાવવામાં આવેલ છે.

સ્પર્ધામાં શીલ્ડ અને પુરસ્કાર - રોકડ ઇનામ - જિલ્લાની આર્યસમાજો દ્વારા અપાશે અને પ્રમાણપત્રો પ્રાંતીય સભા દ્વારા આપવામાં આવશે.

સ્પર્ધાના વિષય તમામ જિલ્લામાં નીચે મુજબના એક સરખા રહેશે.

૧. **વૈદિક ભાવના – વસુધૈવ કુટુંબકમ્**

૨. **માનવીય આચરણ અને વેદ**

ઉપરોક્ત વિષયમાંથી કોઇ પણ એક વિષય પસંદ કરી શકાશે. સ્પર્ધક ગુજરાતી અથવા હિન્દી ભાષામાં બોલવાનું રહેશે. સમય મર્યાદા ૭ (સાત) મિનિટ રહેશે.

વધુ જાણકારી માટે નજીકની આર્યસમાજનો સંપર્ક કરવો.

- હસમુખ પરમાર

સભા મંત્રી

# આંતર્રાષ્ટ્રીય આર્યસંમેલન ૨૦૧૮ - દિલ્લી

## સ્થળો : સ્વર્ણજયંતી પાર્ક, રોહિણી, સેક્ટર-૧૦, દિલ્લી

વિશ્વશાંતિ યજ્ઞ અને તપોનિષ્ઠ સંન્યાસીઓ,
વૈદિક વિદ્વાનો દ્વારા સત્સંગ તથા પ્રવચનો

**આકર્ષણ :** મુખ્ય મંચ, વિવિધ આયુ / ભાષા / રૂચિ ધરાવનારાઓ માટે અલગ-અલગ વિષયો પર વિશેષ વ્યાખ્યાન, ચર્ચાઓ, શંકા સમાધાન, ચલચિત્ર વગેરે માટે અલગ-અલગ હોલ, આર્ય પ્રકાશન હોલ, સાંસ્કૃતિક કાર્યક્રમ હોલ, ભજનોપદેશક હોલ, વિશ્વ આર્યસમાજ હોલ, આદર્શ શિલ્પના નમૂનારૂપ ભવ્ય સુંદર યજ્ઞશાળા, આદર્શ ગૌશાળા, ગુરૂકુલ હોલ, વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ માટેનો હોલ, આર્યવીર દળ શાખા, ભવ્ય વ્યાયામ અને કલા પ્રદર્શન, શેરી નાટક, અંધવિશ્વાસ નિવારણ હોલ, વિશ્વમાર્યમ્ હોલ, વૈવાહિક પરિચય સંમેલન, સાહિત્ય બજાર જેવા અનેક આયોજનો.

*બહોળી સંખ્યામાં ભાગ લઈ
કાર્યક્રમને સફળ બનાવીએ*

**વ્યવસ્થા :** મહાસંમેલનમાં ભાગ લેવા માટે વ્યવસ્થા અને સુરક્ષાના હેતુસર તમામ આર્યોની નોંધણી અનિવાર્ય છે. અગ્રિમ નોંધણી વેબસાઇટ પર કરાવી શકાશે.

**નિવાસ :** આવાસ વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે. વિવિધ ધર્મ શાળઓ, વિદ્યાલયો, આર્યસમાજો અને મહાસંમેલન સ્થળ પર અલગ વિવિધ બેરેકમાં રહેશે. હોટલમાં અને મહાસંમેલન સ્થળ પર સશુલ્ક વ્યવસ્થાનો લાભ લેવા ઇચ્છતા હોય તેમણે અગ્રિમ રાશિ જમા કરાવવાની રહેશે. વેંબસાઇટ પરથી ફોર્મ મળી શકશે.

**ભોજન :** ચોવીસ કલાક ભોજન મહાસંમેલન સ્થળ ઉપર નિઃશુલ્ક વ્યવસ્થા રહેશે ઉપરાંત કેન્ટિન સુવિધા સશુલ્ક મળી શકશે.

વિશેષ જાણકારી www.aryamahasammelan.orgપરથી મળશે.

# નવા પુસ્તક પ્રકાશિત

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા શ્રીનાથુભાઇ ડોડિયાના સાથ અને સહયોગથી ગુજરાતીની ભાષામાં પુસ્તક પ્રકાશન યજ્ઞ ચાલી રહ્યો છે. જે પૈકી તાજેતરમાં નીચેના બે પુસ્તકો પ્રકાશિત કરવામાં આવેલ છે.

(૧) મૃત્યુ વિમર્શ : લેખક શ્રી નાથુભાઇ ડોડિયા

સંસ્કરણ - પ્રથમ

કિંમત - રૂા. ૧૨

પૃષ્ઠ સંખ્યા - ૫૬

આ પુસ્તકમાં મૃત્યુ પરિચય, શું આયુષ્ય નિશ્ચિત છે ?, મૃત્યુના પ્રકાર, અંત્યેષ્ટિ સંસ્કાર, મૃત્યુ પછી બીજો જન્મ કેટલા સમયમાં થાય છે ?, મૃત્યુનો પ્રભાવ, બારમાની વિધિ, શિવપુરાણની કથા (વાછરડાને પૂછડે પાણી રેડવું), ગરૂડપુરાણ સમીક્ષા અને ગરૂડપુરાણ પરિચય પ્રકરણો આપવામાં આવેલ છે.

સમાજમાં પ્રચલિત ગેરમાન્યતાઓના નિવારણ માટે આ પુસ્તક ઉપયોગી છે. ગુજરાતની આર્યસમાજોમાંથી પુસ્તક મળી શકશે.

(૨) રામાયણ વિમર્શ : લેખક શ્રી નાથુભાઇ ડોડિયા

સંસ્કરણ - પ્રથમ

કિંમત - રૂા. ૧૦

પૃષ્ઠ સંખ્યા - ૫૨

આ પુસ્તકમાં વાલ્મીકિ રામાયણના આધારે રામરાજ્યનો મહિમા અને તેના સમર્થનમાં મનુસ્મૃતિનાં ઉપદેશને ટાંકવામાં આવેલ છે.

પુસ્તક ગુજરાતની આર્યસમાજોમાંથી મળી શકશે.

# આર્ય વૈદિક દર્શન

આર્ય વૈદિક દર્શનના વાર્ષિક ગ્રાહકોને જણાવવાનું કે તેઓનું વાર્ષિક લવાજમ ક્યાં મહિને અને ક્યાં વર્ષમાં પુરુ થાય છે તેની નોંધ રેપર પર આપેલ ગ્રાહક નંબરની બાજુમાં આપવામાં આવે છે. તેથી જેઓનું લવાજમ પૂર્ણ થયેલ હોય તેઓએ તુરંત મોકલી આપવું. જેથી આગળના અંકો આપને નિયમિત મળતા મળતા રહે.

**- વ્યવસ્થાપક**

# આર્યાભિવિનય

BOOK-POST




भुभुर्वः स्वः सुप्रजाः प्रजाभिः स्याम् सुवीरो वीरैः सुपोषः पोषैः।
नर्य प्रजां मे पाहि शंस्य पशून्मे पाहि अथर्य पितुं मे पाहि॥
यजुर्वेद० ३.३७ ॥ ३२॥

**વ્યાખ્યા :** હે સર્વ મંગલકારક ઈશ્વર! આપ ભૂ સદા વર્તમાન વિદ્યમાન છો. ભુવઃ વાયુ આદિ પદાર્થોના રચનાર છો. સ્વઃ સુખ લોક (જગત)ના રચનાર છો. અમને ત્રણે લોકોનું સુખ આપો. હે સર્વના અધ્યક્ષ અધિપતિ! આપ કૃપા કરો છો. અમને ત્રણે લોકોનું સુખ આપો. હે સર્વના અધ્યક્ષ અધિપતિ! આપ કૃપા કરો કે જેથી હું પુત્ર-પૌત્રાદિ ઉત્તમ ગુણયુક્ત પ્રજાથી શ્રેષ્ઠ પ્રજાવાળો બનું. સર્વોત્કૃષ્ટ વીર યોદ્ધાઓ દ્વારા સુવીરઃ યુદ્ધમાં સદા વિજયી બનું. હે મહા પુષ્ટિપ્રદ! આપના અનુગ્રહથી (કૃપાથી) અત્યંત વિદ્યાદિ તથા સોમ, ઔષધિ, સુવર્ણાદિ અને આરોગ્યાદિથી સર્વ પ્રકારે પૃષ્ટિયુક્ત બનું. હેનય મનુષ્યોને હિતકારક! આપ મારી પ્રજાની રક્ષા કરો. હે શંસ્ય સ્તુતિ કરવા યોગ્ય ઈશ્વર! આપ મારી પ્રજાની રક્ષા કરો. હે સ્તુતિ કરવા યોગ્ય ઈશ્વર! આપ હાથી, ઘોડા, આદિ પશુઓનું પાલન કરો. હે અર્થય વ્યાપક ઈશ્વર! પિતુમ્ મારા અન્નની રક્ષા કરો. હે દયાનિધે! અમને ... પદાર્થોથી પરિપૂર્ણ કરો તથા સદા આનંદમાં રાખો.


**RNI Registration No. GujGuj/2015/63289**
**Posted at Rajkot - RMS on 6th of every Months**
**Postal Regd. No. Rajkot / 672 / 2018-2020**


**પ્રતિ,**

—

—


**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**



Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRAN..TA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL